રૂ. ૨૦૦૦થી વધુના વ્યવહાર પર ૦.૪% MDR અને GST સામે હાથીખાના સહિતના મંડળોનો વિરોધ

વડોદરામાં વેપારીઓનું 'NO UPI DAY' યથાવત, આજે UPI પેમેન્ટ નહીં લેવાનું એલાન

દેશ સ્તરે AIMRA અને AICPDF એ નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથેની બેઠક બાદ પોતાનો વિરોધ પાછો ખેંચ્યો છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

15 ઓક્ટોબરથી રૂ.2,000થી વધુના પાત્ર UPI વેપારી વ્યવહારો પર 0.4% MDR લાગુ થવાના વિરોધમાં વડોદરાના વેપારીઓએ 2 ઓક્ટોબરે 'નો UPI ડે'નું એલાન યથાવત્ રાખ્યું છે.

વડોદરા વેપાર વિકાસ એસોસિએશન, મધ્ય ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને બરોડા ગ્રેઈન મરચન્ટ એસોસિએશન, હાથીખાના દ્વારા વેપારીઓને એક દિવસ UPI પેમેન્ટ નહીં સ્વીકારવા અપીલ કરાઈ છે. વિરોધના ભાગરૂપે વેપારીઓ પોતાના UPI QR કોડ, સાઉન્ડ બોક્સ અને સ્કેનરને કાળા કપડાથી ઢાંકશે. વેપારી આગેવાનોના જણાવ્યા મુજબ MDRથી વેપારીઓ પર ખર્ચનું ભારણ વધવાની આશંકા છે. જોકે, સરકારી માહિતી મુજબ રૂ.2,000 સુધીના વેપારી UPI વ્યવહારો અને નાના વેપારીઓ માટેના નિર્ધારિત વ્યવહારો MDRથી મુક્ત રહેશે. વડોદરાના વેપારી સંગઠનોએ સ્થાનિક સ્તરે વિરોધ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. વેપારી આગેવાનો પરેશ પરીખ, રમેશ પટેલ અને નિમેષ મહેતા સહિતના હોદ્દેદારોએ વેપારીઓને અભિયાનમાં જોડાવા અપીલ કરી છે.

બે જૂથની વિચારધારા ભલે અલગ, ઉદ્દેશ એક જ - MDR રદ કરવો

UPI પર 0.4% MDRના વિરોધમાં વડોદરામાં 2 ઓક્ટોબરે 'NO UPI DAY'નું આંદોલન યથાવત્ રહેશે. કેન્દ્ર સ્તરે બે જૂથની વિચારધારા અલગ છે, એક સરકાર સાથે ચર્ચા કરવા માગે છે, જ્યારે બીજું આંદોલન ચાલુ રાખશે. બંનેનો ઉદ્દેશ MDR રદ કરવાનો જ છે. વડોદરામાં નક્કી કરાયેલ કાર્યક્રમ મુજબ વેપારીઓ એકત્ર થઈ QR કોડ અને સાઉન્ડ બોક્સ કાળા કપડાથી ઢાંકી વિરોધ નોંધાવશે.

– **પરેશભાઈ પરીખ,** વેપાર વિકાસ એસોસિએશન, વડોદરા

હાથીખાના અનાજ માર્કેટમાં 'નો UPI ડે'

વડોદરાના હાથીખાના ધી બરોડા ગ્રેઈન મરચન્ટ્સ એસોસિએશને 2 ઓક્ટોબરે 'NO UPI DAY'નું એલાન આપ્યું છે. એસોસિએશનના જણાવ્યા મુજબ, આ અભિયાન પારદર્શક અને સસ્તા ડિજિટલ પેમેન્ટની માંગ માટે છે. વેપારીઓને આ દિવસે UPIના બદલે રોકડ અથવા ચેકથી વ્યવહાર કરવા અપીલ કરાઈ છે. 'One Nation, One Trading Community, One Voice'ના નારા સાથે અભિયાન યોજાશે.

ગાંધી જયંતી અને વિશ્વ પ્રાણી દિવસે નોન-વેજ વેચાણ પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

મહાત્મા ગાંધી જયંતી અને વિશ્વ પ્રાણી દિવસ નિમિત્તે વડોદરા મહાનગરપાલિકા દ્વારા 2 અને 4 ઓક્ટોબરે શહેરમાં માંસ, મચ્છી તથા ચિકનના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

અહિંસા અને જીવદયાના સંદેશને ધ્યાનમાં રાખીને પાલિકા સંચાલિત સરકારી કતલખાનું પણ બંને દિવસે બંધ રહેશે. શહેરના તમામ નાના-મોટા માંસાહારી દુકાનદારો અને વેપારીઓને પોતાના વ્યવસાય બંધ રાખવા સૂચના આપવામાં આવી છે.

પાલિકા તંત્ર દ્વારા આદેશનો અમલ થાય તે માટે શહેરમાં ખાસ નિરીક્ષણ કરવામાં આવશે. નિયમનો ભંગ કરનાર વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી છે. મહાત્મા ગાંધીજીના અહિંસાના સંદેશ અને વિશ્વ પ્રાણી દિવસના જીવદયાના હેતુને ધ્યાનમાં રાખીને લેવાયેલા આ નિર્ણયની જીવદયા પ્રેમીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી રહી છે.

નહીવત ઈન્ક્રીમેન્ટ સામે રોષ : ૧૫ કર્મચારીઓને છૂટા કરાતા મામલો ગરમાયો

ગોરવા BIDCની સેન્ચુરીયન લેબોરેટરીઝમાં પગાર સહિતના પ્રશ્ને કર્મચારીઓનો વિરોધ

૮૦૦થી ૧૨૦૦ સુધી ઇન્ક્રીમેન્ટ આપવા સહમતિ ,સમાધાન બાદ હડતાળ સમેટાઇ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

ગોરવા વિસ્તારમાં આવેલી સેન્ચુરીયન લેબોરેટરીઝ પ્રા. લિ. કંપનીમાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓએ યોગ્ય પગાર વધારાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરતા ભારે હોબાળો મચ્યો હતો. આ મુદ્દે સામાજિક આગેવાનો પણ કંપની ખાતે પહોંચ્યા હતા. જ્યાં મેનેજમેન્ટ સાથે રજૂઆત બાદ અંતે સમાધાન થયું હતું.

કર્મચારીઓ અને તેમના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ, તેઓ ઘણા વર્ષોથી કંપનીમાં નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યા છે. તેમની એક જ માંગ હતી કે વર્ષોની કામગીરીને ધ્યાને લઈ યોગ્ય ઈન્ક્રીમેન્ટ આપવામાં આવે. પરંતુ મેનેજમેન્ટ દ્વારા નહીવત જેવો પગાર વધારો આપવામાં આવતા કર્મચારીઓએ રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેના જવાબમાં કંપનીએ કેટલાક કર્મચારીઓને કંપની છોડી દેવા જણાવતા મામલો બિચક્યો હતો. આથી નારાજ કર્મચારીઓ કંપનીના ગેટ બહાર એકત્ર થઈ પોતાની નોકરી યથાવત રાખવા અને વ્યાજબી પગાર વધારાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. જો ન્યાય નહીં મળે તો ગોરવા બીઆઈડીસીમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. કર્મચારીઓના પ્રતિનિધિ અને સામાજિક આગેવાન અબ્દુલભાઈ પટેલે જણાવ્યું હતું કે, કર્મચારીઓએ અચાનક સ્ટ્રાઈક કર્યાની જાણ થતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. કંપનીમાં કુલ 250 જેટલા કર્મચારીઓ છે, જેમાંથી 15ને છૂટા કરવાનું કહેવાયું હતું. છેલ્લા ચાર મહિનાથી કંપની સાથે વાટાઘાટો ચાલી રહી હતી. આજે રજૂઆત બાદ કંપની મેનેજમેન્ટ સહમત થઈ ગયું છે. કોઈ પણ કર્મચારીને છૂટા કરવામાં નહીં આવે અને 800 થી 1200 રૂપિયા સુધીનું ઈન્ક્રીમેન્ટ આપવાનું નક્કી કરાયું છે. સમાધાન થતા વિરોધ પ્રદર્શન સમેટી લેવાયું હતું.

સગીરાને ભગાડી દુષ્કર્મ ગુજારનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

માંજલપુર પોલીસની સચોટ તપાસ અને સરકારી વકીલની ધારદાર દલીલના આધારે પોક્સો કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

માંજલપુર વિસ્તારમાં સગીરાને ભગાડી લઈ જઈ દુષ્કર્મ આચરવાના વર્ષ 2025ના ગંભીર કેસમાં આરોપી દિપકભાઈ રમેશભાઈ પરમાર (ઉં.વ.28, રહે. પરબડી ફળિયું, ખડોધી, આણંદ)ને વડોદરા સ્પેશ્યલ પોક્સો કોર્ટ દ્વારા 20 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે આરોપીને રૂ.50 હજારનો દંડ પણ કર્યો છે. દંડની રકમમાંથી રૂ.45 હજાર ભોગ બનનારને વળતર પેટે ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસમાં આરોપી સામે સગીરાને ભગાડી લઈ જવા અને તેની સાથે દુષ્કર્મ આચરવાનો આક્ષેપ હતો. વડોદરા શહેર પોલીસ દ્વારા ગંભીર ગુનાઓમાં સજાનો દર વધારવા માટે હાથ ધરાયેલા કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત આ કેસની તપાસને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

તપાસ દરમિયાન પોલીસ ટીમે સાક્ષીઓના નિવેદનો, મેડિકલ પુરાવા, એફએસએલ રિપોર્ટ સહિતના જરૂરી પુરાવા એકત્ર કર્યા હતા. પુરાવાની ચેન ઓફ કસ્ટડી જાળવી રાખીને તપાસ પૂર્ણ કરી સમયસર ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી.

ત્યારબાદ વડોદરા સ્પેશ્યલ પોક્સો અને એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસની ટ્રાયલ ચાલી હતી. સરકારી વકીલ પરેશ સી. પટેલે કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા પુરાવા અને દસ્તાવેજોના આધારે અસરકારક દલીલો કરી હતી. પોલીસ તરફથી પણ સરકારી વકીલને જરૂરી દસ્તાવેજો અને પુરાવા સમયસર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. સમગ્ર ટ્રાયલ દરમિયાન રજૂ થયેલા પુરાવા અને દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને 20 વર્ષની સખત કેદ અને રૂ.50 હજારના દંડની સજા ફટકારી છે. આરોપી દંડની રકમ નહીં ભરે તો વધુ એક વર્ષની સખત કેદ ભોગવવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે.

યુવતીને લગ્નની લાલચ આપી હોટલોમાં લઈ ગયો અને શારીરિક સંબંધ બાંધ્યા

બે સંતાનના પિતાએ યુવતી સાથે વારંવાર દુષ્કર્મ ગુજાર્યું, ગર્ભ રહી જતા બેવાર ગર્ભપાત પણ કરાવ્યુ

તાંદલજાની યુવતી અને તેના લગ્ન કરવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી, ગોત્રી પોલીસ દ્વારા આરોપીની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતા અને બે સંતાનના પિતા એવા સુનિલ રોહિત મહિડાએ તાંદલજાની યુવતી સાથે મિત્રતા કેળવી હતી. મિત્રતા પ્રેમમાં પરિણમતા આરોપીએ લગ્નની લાલચ આપી યુવતીને ગોત્રી અને ભાયલી સહિતની વિવિધ હોટલોમાં લઈ જઈ દોઢ વર્ષ સુધી શારીરિક સંબંધ દુષ્કર્મ ગુજાર્યુ હતું. વારંવાર શારીરિક સંબંધ બાંધવાના કારણે યુવતી ગર્ભવતી બની હતી અને બે વાર ગર્ભપાત પણ કરાવ્યો હતો.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં રહેતા સુનિલ રોહિત મહિડા પરિણીત હોવા ઉપરાંત બે સંતાનનો પિતા હોવા છતાં સોશિયલ મીડિયા મારફતે તાંદલજા વિસ્તારમાં રહેતી યુવતીના સંપર્કમાં આવ્યો હતો. બંને વચ્ચે સોશિયલ મીડિયા અને વોટ્સએપ પર સતત વાતચીત થતાં મિત્રતા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો. આ દરમિયાન સુનિલ મહિડાએ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી ગોત્રી અને ભાયલી સહિતની અલગ-અલગ હોટલોમાં લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો યુવતીએ આક્ષેપ કર્યો છે. છેલ્લા દોઢ વર્ષ દરમિયાન વારંવાર ગુજારવાના કારણે યુવતી બે વખત ગર્ભવતી થઈ હતી અને બંને વખત હોસ્પિટલમાં લઈ જઈ ગર્ભપાત કરાવવામાં આવ્યો હતો. બાદમાં સુનિલ મહિડા લગ્ન નહીં કરે અને તેનો ખોટી રીતે ઉપયોગ કરી રહ્યો હોવાની જાણ થતાં યુવતીએ તેની સાથે સંબંધ રાખવાનો ઈનકાર કર્યો હતો. આથી આરોપીએ યુવતી સાથે મારપીટ શરૂ કરી હતી. તેમજ શારીરિક સંબંધ નહીં રાખે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી એટલું જ નહીં, યુવતીના પરિવારજનોને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે યુવતીએ હિંમત કરી પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવતા ગોત્રી પોલીસે સુનિલ રોહિત મહિડાની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીનું મેડિકલ કરાવવા સહિતની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

સુનિલે ટુંડાવની કંપની પાસે 15 લાખની ખંડણી માગી હતી

મુસ્લિમ યુવતી પર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવનાર આરોપી સુનીલ રોહિત મહિડા વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલી નવજીવન સોસાયટીમાં રહે છે. અગાઉ ટુંડાવ ખાતે આવેલી ઈન્ડો એમાઈન્સ કંપનીના મેનેજમેન્ટ પાસે રૂ. ૧૫ કરોડની ખંડણી માંગવાના કાવતરામાં સુનિલ મહીડાની મુખ્ય ભૂમિકા હતી. તેણે પોતાની ઓળખ રીપબ્લીકન પાર્ટી ઓફ ઈન્ડિયાના પ્રદેશ પ્રમુખ હોવાની પણ જે તે વખતે આપી હતી. સેટલમેન્ટ કરવા માટે હોટલમાં મળેલી મિટિંગમાં સુનિલ મહિલા બાઉન્સર સાથે આવ્યો હતો. સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ખંડણીનો ગુનો નોંધાયો હતો.

જાંબુઘોડા જતું દંપતી અકસ્માતનો ભોગ બન્યું

પોઈચા ચોકડી પાસે ડમ્પરની અડફેટે પત્નીનું ઘટનાસ્થળે મોત

પતિને સારવાર માટે ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

સાવલી-પોઇચા ચોકડી પાસે ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ડમ્પર અને મોપેડ વચ્ચે થયેલા અકસ્માતમાં મોપેડ સવાર મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેમના પતિને ઈજાઓ પહોંચતાં સારવાર માટે સાવલીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જાંબુઘોડાના રહેવાસી વિજયભાઈ લલ્લુભાઈ રાઠવા અને તેમના પત્ની વજીબેન મોપેડ પર આણંદથી જાંબુઘોડા ખાતે પોતાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન સાવલી પોઇચા ચોકડી પાસે ડમ્પર સાથે તેમનો અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં વજીબેનને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે વિજયભાઈ રાઠવાને ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે સાવલી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ડમ્પર ચાલક રોંગ સાઇડમાં આવી રહ્યો હોવાના આક્ષેપ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને થોડા સમય માટે ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં સાવલી પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે ડમ્પર ચાલકને ઝડપી પાડી તેને પોલીસ મથકે લઈ જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

કોન્ટ્રાક્ટરે અધૂરું બાંધકામ છોડી હાથ ઊંચા કર્યા

ફાર્મ હાઉસના નામે રૂ.૧૬.૮૦ લાખ લઈ રૂ.૨.૯૫ લાખનું જ કામ કર્યું!

કારેલીબાગના પરાગ ભગત સાથે કોન્ટ્રાક્ટર ભાવિન શાહની છેતરપિંડી

રૂ.૨૯ લાખમાં બાંધકામનો કરાર કર્યા બાદ ૧૦ મહિને કામ અધૂરું છોડ્યું, રૂ.૧૩.૮૪ લાખ પરત ન આપ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

રૂ.29 લાખમાં મટિરિયલ સહિત ફાર્મ હાઉસ બનાવવાનો કરાર કર્યા બાદ રૂ.16.80 લાખ મેળવી માત્ર રૂ.2.95 લાખનું જ અને તે પણ નબળી ગુણવત્તાનું કામ કરી બાંધકામ અધૂરું છોડી દેવાયું હોવાની ફરિયાદ કારેલીબાગ પોલીસ મથકે નોંધાઈ છે. કોન્ટ્રાક્ટરે વધુ રકમની માગ કરી ધમકી આપ્યાનો આક્ષેપ છે.

કારેલીબાગમાં રહેતા પરાગકુમાર કીરીટકુમાર ભગત ઈરાક ખાતે પેટ્રોચાઈના કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ફરિયાદ મુજબ આશરે એક વર્ષ પહેલાં ગુજરાત સમાચારની જાહેરાત પરથી તેમણે એવન કન્સ્ટ્રક્શન એન્ડ ઈન્ટિરિયરના સંચાલક ભાવિન ચંદુલાલ શાહનો સંપર્ક કર્યો હતો. પંચમહાલના નાના ચાડવા ગામે ફાર્મ હાઉસ બનાવવા રૂ.29 લાખમાં કરાર થયો હતો.

કરાર બાદ પરાગ ભગતે અલગ-અલગ સમયે બેંક મારફતે રૂ.11.80 લાખ ચૂકવ્યા હતા. બાંધકામ શરૂ કર્યા બાદ કોન્ટ્રાક્ટરે કામ બંધ કરી વધુ નાણાં માંગતાં વધુ રકમ ચૂકવવામાં આવી હતી. આમ કુલ રૂ.16.80 લાખ ચૂકવાયા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. બાંધકામની સ્થિતિ અંગે શંકા જતા ખાનગી એન્જિનિયરિંગ કંપની પાસે ચકાસણી કરાવતા માત્ર રૂ.2.95 લાખનું જ કામ થયું હોવાનું અને ગુણવત્તા નબળી હોવાનું પ્રમાણપત્ર મળ્યાનો આક્ષેપ છે.

કોન્ટ્રાક્ટર ભાવિન શાહે વધુ છ લોકોને પણ છેતર્યા

અરજીની તપાસ દરમિયાન ભાવિન ચંદુલાલ શાહ વિરુદ્ધ અગાઉ કપુરાઈ, પાણીગેટ અને ગોરવા પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું હતું. અન્ય ફરિયાદીઓ પાસેથી નૌકાબેન રૂચીરભાઈ પટેલના રૂ.8.01 લાખ, જગજીતસિંગ સલવીંદરસિંગ સંધુના રૂ.4.50 લાખ, ભાઈલાલભાઈ નારણભાઈ વણકરના રૂ.3.39 લાખ, ચંદ્રકાંત નારણભાઈ પટેલના રૂ.3 લાખ, જીજ્ઞેશ ચંદ્રકાંત શાહના રૂ.4.40 લાખ અને હસમુખભાઈ વાડીલાલ ડબગરના રૂ.7.21 લાખ લીધા હોવાના આક્ષેપો પણ તપાસમાં સામે આવ્યા છે.

ફતેગંજમાં પાલિકાની સંયુક્ત ટીમની તવાઈ

એમ.એસ. યુનિવર્સિટી નજીક તમાકુ વેચતી ૩ લારીઓ જપ્ત

ખાદ્યસામગ્રીના સેમ્પલ લેવાયા; અસ્વચ્છતા બદલ નોટિસ અને ૫ હજારથી દંડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

એમ.એસ. યુનિવર્સિટી નજીક ફતેગંજ વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃત્તિ અને અસ્વચ્છતા સામે પાલિકાની દબાણ શાખા, ફૂડ ડિપાર્ટમેન્ટ તથા આરોગ્ય વિભાગ દ્વારા સંયુક્ત આકસ્મિક તપાસ હાથ ધરાઈ હતી. ઉત્તર ઝોનના વોર્ડ નં.3 હેઠળ ફતેગંજ મેઈન રોડ પર બ્રિજ સર્કલ નજીક હાથ ધરાયેલી કાર્યવાહીમાં નિયમભંગ કરતી ત્રણ તમાકુ વેચાણની લારીઓ સ્થળ પરથી જપ્ત કરવામાં આવી હતી.

શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોથી 100 વારના વિસ્તારમાં તમાકુ તથા તમાકુયુક્ત પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં યુનિવર્સિટી નજીક તેનું વેચાણ થતું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. સીઓટીએપીએ એક્ટ-2003 હેઠળ તંત્રએ કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત ફૂડ ડિપાર્ટમેન્ટની ટીમે ખાણી-પીણીના સ્ટોલ અને દુકાનોમાંથી વિવિધ ખાદ્યસામગ્રીના સેમ્પલ લીધા હતા અને સ્વચ્છતાના ધોરણોની ચકાસણી કરી હતી. નિયમોનું પાલન ન કરનારા એકમોને કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. અસ્વચ્છતા ફેલાવનારાઓ સામે ઓછામાં ઓછો 5 હજારનો દંડ વસૂલવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે. પાલિકા અધિકારીઓએ જણાવ્યું હતું કે શૈક્ષણિક સંસ્થાઓ નજીક વિદ્યાર્થીઓના આરોગ્ય અને સ્વચ્છતા સાથે ચેડાં કરતી પ્રવૃત્તિ સામે કાર્યવાહી ચાલુ રહેશે.

કાયદાને કાળો કાયદો ગણાવી પરત ખેંચવાની માંગ

ભાડા અધિનિયમ-૨૦૨૬ના વિરોધમાં વકીલોનુ જડબેસલાક બંધ : કોર્ટમાં પણ પ્રવેશબંધી

બાર એસોસિએશનના પ્રમુખ સહિતના હોદ્દેદારો જ ગેટ પર ઉભા રહી લોકોને કોર્ટમાં જતા અટકાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.1

ગુજરાત સરકારના ગુજરાત ભાડા અધિનિયમ-2026ના વિરોધમાં વડોદરા વકીલ મંડળે આજે વિરોધ નોંધાવી તમામ પ્રકારની કોર્ટ કામગીરીથી અળગા રહી આંદોલનનું એલાન કર્યું હતું. કાયદાની કેટલીક જોગવાઈઓ અને તેના અમલીકરણ સામે વાંધો ઉઠાવી અધિનિયમ પરત ખેંચવાની માંગ સાથે મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી અને રાજ્યપાલને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાત ભાડા વિધેયક-2026માં ભાડાની મિલકતો માટે લેખિત કરાર ફરજિયાત કરવા, ભાડા સત્તાધિકારી તથા રેન્ટ કોર્ટની વ્યવસ્થા ઊભી કરવા અને સિક્યોરિટી ડિપોઝિટને ત્રણ મહિનાના ભાડા સુધી મર્યાદિત કરવા સહિતની જોગવાઈઓ છે. જોકે, વડોદરા વકીલ મંડળે આ જોગવાઈઓ તથા અમલીકરણની પ્રક્રિયા સામે સવાલો ઉઠાવ્યા છે.

વકીલ મંડળના સૂત્રોના જણાવ્યા મુજબ નવી વ્યવસ્થાથી ભ્રષ્ટાચારને વેગ મળવાની આશંકા છે. આથી અધિનિયમને 'કાળો કાયદો' ગણાવી તેને તાત્કાલિક પરત ખેંચવાની માંગ કરવામાં આવી છે.

વકીલ મંડળે ચીમકી આપી છે કે સરકાર દ્વારા યોગ્ય નિર્ણય નહીં લેવાય તો રાજ્યના અન્ય વકીલ મંડળો સાથે સંકલન કરીને અચોક્કસ મુદતની હડતાળ સહિતના ઉગ્ર વિરોધ કાર્યક્રમો યોજવામાં આવશે.

ખેલૈયાઓ પાસેથી મોંઘા પાસના નામે લાખો રળતા આયોજકો પાસે ભાડું વસૂલવામાં પાલિકા તંત્ર ઉદાસીન

મનપાની તિજોરી ખાલી છતાં ગરબા આયોજકોને મેદાન રૂ.૧ના ટોકને

૪૦થી વધુ પ્લોટ ગરબા આયોજકોને માત્ર ૧ના ટોકન દરે મફતમાં પધરાવાયા!

(પ્રતિનિધિ) વડોદરા તા.1

નવલી નવરાત્રિના પ્રારંભને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સમગ્ર રાજ્યમાં આયોજનોની તૈયારીઓ આખરી તબક્કામાં છે. એક તરફ રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓ પોતાના હસ્તકના સ્ટેડિયમ અને વિવિધ ગ્રાઉન્ડ્સ નવરાત્રિના આયોજન માટે ભાડે આપીને લાખો રૂપિયાની સત્તાવાર આવક મેળવી પોતાની તિજોરી ભરી રહી છે, તો બીજી તરફ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના ૪૦થી વધુ કિંમતી પ્લોટ અને પાલિકા હસ્તકની જગ્યાઓ માત્ર ૧ના ટોકન દરે ખાનગી ગરબા આયોજકોને

સોંપી દેવામાં આવી છે. વર્તમાન સમયમાં વડોદરા મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિ અત્યંત કથળેલી છે અને તિજોરી ખાલીખમ હોવાના અહેવાલો વારંવાર સામે આવતા રહે છે. આ સંજોગોમાં પાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટ અને ગ્રાઉન્ડ્સ આવક ઊભી કરવાનો ઉત્તમ સ્ત્રોત બની શકે તેમ છે, છતાં પાલિકાના શાસકો પોતાની ખાલી તિજોરી ભરવાને બદલે માત્ર એક રૂપિયાના નામના ટોકન દરે આ પ્લોટ્સ ખાનગી આયોજકોને આપીને પાલિકાની તિજોરીને વધુ ખાલી રાખવાનું કામ કરી રહ્યા છે.

જો વડોદરા મહાનગરપાલિકા દ્વારા એવા નાના આયોજકોને પ્રોત્સાહન આપવા માટે ૧ રૂપિયાના ટોકન દરે પ્લોટ ફાળવવામાં આવે કે જેઓ બાળકો, યુવતીઓ અને મહિલાઓને વિનામૂલ્યે અર્થાત મફતમાં ગરબા રમાડતા હોય, તો પાલિકાના આ નિર્ણયને ચોક્કસપણે વ્યાજબી અને સરાહનીય ગણાવી શકાય. પરંતુ વાસ્તવિકતા એ છે કે પાલિકાના આ ખુલ્લા ગ્રાઉન્ડ્સ પર કેટલાક આયોજકો દ્વારા ગરબા રમવા આવતા છોકરાઓ અને છોકરીઓ પાસે પાસ ઈસ્યુ કરીને તેના મોટા પ્રમાણમાં રૂપિયા લેવામાં આવે છે. ખેલૈયાઓ પાસેથી પાસના નામે લાખો રૂપિયાની કમાણી કરતા અને કરોડો રૂપિયાના સ્પોન્સરશિપ બિઝનેસ કરતા વાણિજ્યિક આયોજકોને પણ પાલિકા દ્વારા મફતના ભાવે કિંમતી જમીનો ફાળવી દેવામાં આવે છે.

રાજ્યની અન્ય પાલિકાઓની જેમ જો વડોદરા મહાનગરપાલિકા પણ યોગ્ય નીતિ ઘડીને આવા કમાણી કરતા ગરબા આયોજકો પાસેથી લાખો રૂપિયાનું ભાડું વસૂલ કરે, તો પાલિકાની ખાલી તિજોરીમાં મોટી રકમ જમા થઈ શકે છે અને તેનાથી શહેરના રોડ-રસ્તા કે અન્ય અટકેલા વિકાસકામોને મોટી આર્થિક મદદ મળી શકે છે. પરંતુ આશ્ચર્યજનક રીતે પાલિકા તંત્ર મફતના ભાવે માત્ર ૧ રૂપિયામાં પોતાની જમીનો સોંપીને આયોજકોને માલામાલ કરી રહ્યું છે અને વડોદરા શહેરને આર્થિક નુકસાન પહોંચાડી રહ્યું છે. હવે જોવાનું એ રહે છે કે આ વિરોધાભાસી નીતિ સામે જાગૃત નાગરિકોના વિરોધ બાદ પાલિકા તંત્ર કમાણી કરતા આયોજકો પાસે વ્યાજબી ભાડું વસૂલવાનો નિર્ણય લે છે કે પછી મફતમાં પ્લોટની લહાણી ચાલુ રાખે છે.

પાલિકાની જગ્યાઓ પર આયોજકો માલામાલ

વડોદરા મહાનગરપાલિકાની તિજોરી ખાલી હોવા છતાં શહેરના ૪૦થી વધુ કિંમતી પ્લોટ માત્ર ૧ના ટોકન દરે આપી દેવાતા ગંભીર સવાલો ઊભા થયા છે. એક તરફ રાજ્યની અન્ય મનપા ગ્રાઉન્ડ ભાડે આપી લાખોની કમાણી કરી રહી છે, તો બીજી તરફ વડોદરામાં ખેલૈયાઓ પાસેથી મોંઘા પાસના નામે લાખો રૂપિયા વસૂલતા ખાનગી આયોજકો પર મનપા મહેરબાન થઈ છે. મફતમાં ગરબા રમાડતા આયોજકોને ફ્રી ગ્રાઉન્ડ અપાય તો સમજાય, પરંતુ કરોડોનો વેપાર કરતા કોમર્શિયલ આયોજકો પાસે લાખોનું ભાડું વસૂલવાના બદલે મફતમાં જગ્યાઓ ફાળવીને પાલિકા તંત્ર પોતાની જ તિજોરીને મોટું નુકસાન પહોંચાડી રહ્યું છે.

નવી એપ્લિકેશનનું વર્ઝન આવ્યું હોવાનું કહી મોબાઇલમાં એપ શરૂ કરી આપી

ગોત્રીના વેપારીએ BOBની એપ અપડેટ કરાવી અને થોડીવારમાં જ ખાતું ખાલી

મોબાઇલમાં ત્રણ વખત સિસ્ટમ અપડેટ થયા બાદ રૂ.90 હજારની ઓનલાઇન ઉપડી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.1

બેંક કર્મચારીના કહેવાથી મોબાઈલમાં બેંક ઓફ બરોડાની એપ્લિકેશન અપડેટ કરાવ્યા બાદ ગોત્રીના વેપારીના ખાતામાંથી થોડી જ વારમાં રૂ.90 હજાર ઉપડી જતાં ચકચાર મચી છે. વેપારીના જણાવ્યા મુજબ, એપ શરૂ કરાવતી વખતે મોબાઈલમાં ત્રણ વખત ઓટોમેટિક સિસ્ટમ અપડેટ થયું હતું. ત્યારબાદ અજાણ્યા બે બેંક ખાતામાં રૂ.50 હજાર અને રૂ.40 હજાર ટ્રાન્સફર થઈ ગયા હતા.

ગોત્રી વિસ્તારમાં રહેતા અને ભાયલી ખાતે સલૂનનો વ્યવસાય કરતા અજયકુમાર લિંબાચિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, 24 સપ્ટેમ્બરે તેઓ ગોત્રી રોડ પર સેન્ટા સ્કવેર ખાતે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં ગયા હતા. મોબાઈલમાં BOB એપ્લિકેશન કામ કરતી ન હોવાથી તેમણે બેંક કર્મચારીને જાણ કરી હતી. કર્મચારીએ નવી એપ્લિકેશનનું વર્ઝન આવ્યું હોવાનું કહી મોબાઈલમાં એપ શરૂ કરી આપી હતી.

આ દરમિયાન મોબાઈલમાં ત્રણવાર ઓટોમેટિક સિસ્ટમ અપડેટ થયું હતું અને દરેક વખતે આશરે 25 મિનિટ જેટલો સમય લાગ્યો હતો. બાદમાં વેપારી ભાયલી ખાતે મોબાઈલ લેવા ગયા ત્યારે પેમેન્ટ કરતી વખતે ખાતામાં માત્ર રૂ.945 બેલેન્સ હોવાનું જાણવા મળ્યું હતું. તપાસ કરતાં ખાતામાંથી રૂ.90 હજાર ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયાનું સામે આવ્યું હતું. રૂ.50 હજાર રાહુલ યાદવના ખાતામાં અને રૂ.40 હજાર મિસ્ત્રી ઓમપ્રકાશ અણુભાઈના ખાતામાં ટ્રાન્સફર થયા હતા. બંને વ્યવહારો પોતે કર્યા ન હોવાનું જણાવી વેપારીએ 1930 પર ફરિયાદ કરી હતી. પોલીસે આ મામલે સાયબર છેતરપિંડીની દિશામાં તપાસ શરૂ કરી ટ્રાન્ઝેક્શનની વિગતો અને મોબાઈલની ટેકનિકલ માહિતી મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર મામલે પોલીસે બંને ખાતાધારકો સહિતની કડી તપાસવાનું શરૂ કર્યું છે.